Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

## Shree Atmanand Prakash



लौकिकालौकिकश्रीणां यतो निर्याति पद्धतिः ।
एक एव सदाचारः सतां सर्वस्वमेव सः ॥

એ એક સદાચાર જ છે, જેમાંથી લૌકિક અને અલૌકિક
લક્ષ્મીનો માર્ગ નીકળે છે એ સજ્જનોનું સર્વસ્વ છે.

It is only good conduct from which
comes out the way to wealth-worldly
as well as spiritual It is the all-in-all
of the good.


| | | |
|---|---|---|
| પુસ્તક : ૯૪ | અષાઢ-શ્રાવણ | આત્મ સંવત : ૧૦૧ |
| 卐 | 卐 | વીર સંવત : ૨૫૨૩ |
| અંક : ૯-૧૦ | જુલાઇ-ઓગષ્ટ-૯૭ | વિક્રમ સંવત : ૨૦૫૩ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | અમને મળ્યું શાસન તમારું | ભાવિકા અરવિંદકુમાર બુટાણી | ૬૫ |
| (૨) | ચિત્તશુદ્ધિ, હૃદયશુદ્ધિ અને આત્મશુદ્ધિનું પર્વ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૬૬ |
| (૩) | "જીવનસાથી નવકારને નહિ જ છોડું !" | સા.શ્રી ચારુધર્માશ્રીજી | ૬૮ |
| (૪) | પ. પૂ. આગમ પ્રજ્ઞ-તારક ગુરુદેવશ્રી જંબૂવિજયજી મ. સાહેબના વ્યાખ્યાનો | — | ૭૧ |
| (૫) | ધર્મરૂપી મહેલનો પાયો સમ્યક્ત્વ | ચીમનલાલ એમ. શાહ | ૭૫ |
| (૬) | સંવત્સરીનો મર્મ | ડૉ. કુમારપાળ દેસાઇ | ૭૭ |
| (૭) | જાગતા રેજો ! | પૂ. આ. ભ. શ્રી વિજય મહિમાપ્રભસૂરિશ્વરજી મ. સા. | ૭૯ |


**આ સભાના નવા આજીવન સભ્યશ્રી**

## શ્રી વૈભવકુમાર ભરતકુમાર દોશી – મુંબઈ
## શ્રીમતી કનકલત્તાબેન ચીમનલાલ શાહ–ભાવનગર
## શ્રી વિનયચંદ્ર જયંતિલાલ શેઠ – ભાવનગર

# ભાવનગર શહેરમાં ચાતુર્માસ

ભાવનગરમાં શાસન સમ્રાટ સમુદાયના વર્તમાન ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજયદેવસૂરીશ્વરજી મ.સા., પૂ. આચાર્યદેવશ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ.સા આદિ ઠાણા કૃષ્ણનગર જૈન દેરાસર-ઉપાશ્રયે ચાતુર્માસ બિરાજમાન છે.

દાદાસાહેબ :- પૂ. આચાર્યદેવશ્રી પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા દાદાસાહેબ જૈન દેરાસર-ઉપાશ્રયે ચાતુર્માસ બિરાજમાન છે.

નૂતન ઉપાશ્રય : પૂ. મુનિશ્રી સુમતિસાગરજી મ.સા. નૂતન જૈન ઉપાશ્રય, નાનભા શેરી, ચાતુર્માસ બિરાજમાન છે.

ગોડીજી જૈન ઉપાશ્રય :- પૂ. આ.શ્રી વિજયદાનસૂરીશ્વરજી મ સા. આદિ ઠાણા વોરાબજાર સ્થિત શ્રી ગોડીજી જૈન દેરાસર-ઉપાશ્રયે ચાતુર્માસ બિરાજમાન છે.

વડવા : પૂ. મુનિશ્રી નંદનપ્રભવિજયજી મ.સા. આદિ ઠાણા વડવા ચોરા, જૈન દેરાસર-ઉપાશ્રયે ચાતુર્માસ બિરાજમાન છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : **શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ**


## અમને મળ્યું શાસન તમારું

ભવમાં ભમ્યો–ભવમાં રૂલ્યો, ભવમાં રમ્યો હે જિનવરા.
અમને મળ્યું શાસન તમારૂં, બહુ પુણ્યથી પરમેશ્વરા;
વિનવું છું હું પાયે પડી, ઉદ્ધાર કરો જગદીશ્વરા.
ભૂલો બધી ભૂલી જઇ, મને શરણું દો વિશ્વેશ્વરા; [૧]

આરાધ્ય ભાવે નાથ હું, ઉપાસના કરૂ આજથી.
શાસન મળ્યું છે તાહરૂં, બહું પુણ્ય કેરા યોગથી;
આશા એક જ છે માહરી, ભક્તિ ભરેલા ભાવથી.
સંકલ્પ શ્રદ્ધા સ્થિર બને, જો નાથ તારી સહાયથી; [૨]

કરૂણા રસ છલકી રહ્યો છે, દિવ્ય તારા નયનમાં.
વૈરાગ્ય સ્તોત્ર વહી રહ્યો છે, વીતરાગ તારા વચનમાં;
શાંત સુધારસ ઝરી રહ્યો છે, જિનરાજ તારા વદનમાં.
એવા પ્રભુ અરિહંતને, વંદન કરૂ હું ચરણમાં; [૩]

તપત્યાગમાં હું દીન છું, વળી જ્ઞાનમાં હું શુન્ય છું.
રત્નત્રયીની સાધનામાં રંક, હું નિષ્પુણ્ય છું;
પણ એક મહાપુણ્યોદયે, આ રંકને રત્ન તું મળ્યો.
તારી ભક્તિ કરતા પ્રભુજી, મારો માનવભવ ફળ્યો; [૪]

રૂપ તારૂ એવુ અદ્દભૂત, પલક વિણુ જોયા કરૂ.
નેત્ર તારા નીરખી નીરખી, પાપ મુજ ધોયા કરૂ;
હૃદયના શુભભાવ પરખી, ભાવથી ભાવિક બનું.
ઝંખના એવી મને કે, હુ જ તુજ રૂપે બનું; [૫]

પ્રગટ પ્રભાવી મહિમાશાળી, મનવાંછિતને પૂરનારી.
વ માનંદન જગદાનંદન, તુજ મૂરતિ દુઃખ હરનારી;
કલીકાળમાં અવનિ તલ પર, પ્રભાવ તારી છે ભારી.
પાર્શ્વ જીનેશ્વર માંગુ તુમ પાસે, શાંતિ સમાધિની ક્યારી; [૬]

— **ભાવિકા અરવિંદકુમાર બુટાણી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચિત્તશુદ્ધિ, હૃદયશુદ્ધિ અને આત્મશુદ્ધિનું પર્વ

ડૉ. કુમારપાળ દેસાઇ

પર્યુષણ એ માત્ર પર્વ નથી. પરંતુ પર્વોમાં અધિરાજ પર્વાધિરાજ છે. પર્યુષણનો અર્થ છે સમસ્ત પ્રકારે વસવું. સાધુ-સાધ્વીઓએ ચોમાસાના ચાર મહિના એક જ સ્થળે વસવાટ કરીને ધર્મની આરાધના કરવી. પરંતુ પર્યુષણનો લાક્ષણિક અર્થ છે આત્માની સમીપ વસવું. આત્માને જીતવા માટે એ આત્માને જાણવો જરૂરી બને છે. એ આત્માતત્ત્વને જોવા માટે એકાંત અને શાંતિ જોઇએ બાહ્ય પ્રવૃત્તિથી નિવૃત્તિ જોઇએ.

પર્યુષણ વર્ષાઋતુમાં આવે છે. જ્યારે જમીન ચોખ્ખી બની ગઈ હોય છે. નદીમાંથી મલીનતા ઓસરી ગઈ હોય છે. સફર માટે સાગર અનુકૂળ હોય એમ આખી પ્રકૃતિ જ્યારે શુદ્ધ હોય ત્યારે પર્યુષણની સાધનાનો સમય આવે છે. ભારતમાં પર્વ-તહેવાર પ્રકૃતિ સાથે એકરૂપ થયેલા છે.

પર્યુષણનો એવો અર્થ પણ થાય કે મનનું પ્રદૂષણ દૂર કરે તે પર્યુષણ. જેમ વાતાવરણમાં પ્રદૂષણ થાય છે હવામાં કે પાણીમાં પ્રદૂષણ થાય છે. તે રીતે માનવ મનના પ્રદૂષણને દૂર કરવાનું કામ આ સાધનાના દિવસોમાં કરવાનું હોય છે. આજે બાહ્ય પ્રદૂષણનો સામનો કરવા વિજ્ઞાન ઘણો વિચાર કરે છે, પરંતુ માનવ મનના પ્રદૂષણ વિશે તો એક પર્યુષણ જ વિચારે છે. આ દિવસોમાં આત્માને ભોજન આપવાનો વિચાર કરવામાં આવે છે, ભૌતિક ભોજન છોડીને આત્માને તૃષ્ટિ અને પુષ્ટિ મળે એવા ભોજનનો વિચાર કરવામાં આવે છે.

આત્માની સમીપ રહેવું એટલે શું? અનંતકાળથી આત્મા મોહ અને મિથ્યાત્વમાં અથવા કષાય અને અજ્ઞાનમાં જ વસતો આવ્યો છે. પોતાના સ્વભાવને ભૂલીને વિભાવને જ નિજસ્વરૂપ માનતા આવ્યો છે. પરિણામે માનવી પારાવાર પીડા, દુઃખ અને કલેશમાં ડૂબેલો છે. ભૌતિક લાલસાના મૃગજળની માફક આંધળી દોટ લગાવી રહ્યો છે,

આવા માનવીને પર્યુષણ પર્વ પૂછે છે કે તું કોણ છે? તે શું મેળવ્યું છે? અને શું મેળવવાનો તારો વિચાર છે? દોડધામ કરતો માનવી છેક મૃત્યુ જુવે ત્યારે એ જીવવાનો વિચાર કરે છે એ માનવીને ભૌતિક ઘેનની સમૃદ્ધિમાંથી જગાડતું પર્વ તે પર્યુષણ પર્વ છે. ચિત્તશુદ્ધિ, હૃદયશુદ્ધિ અને આત્મશુદ્ધિનું આ પરમ પવિત્ર પર્વ છે. એ અજ્ઞાનમાંથી સમ્યગ્ જ્ઞાન તરફ વિભાવ દશામાંથી સ્વભાવ દશામાં લઈ જનારું પર્વ છે. જે સ્વહિતની સાંકડી મર્યાદામાંથી બહાર કાઢીને પરહિતનો વિચાર કરવા માંડે છે. આ માટે પહેલું કામ કરવાનું છે ભાવના શુદ્ધિનું. જૈન ધર્મ ભાવનાનો ધર્મ છે. આથી નમસ્કાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહામંત્રમાં કોઈ વ્યક્તિને નહીં અરિહંતને પ્રણામ કરીએ છીએ. અરિહંત એટલે જેણે આંતર શત્રુઓને જીત્યા છે. આ ભાવનાની શુદ્ધિ પર જીવનની વિશુદ્ધિનો આધાર છે આજે ચિત્તમાં મૈત્રી, કરૂણા, મુદિતા અને ઉપેક્ષા એ ચાર ભાવોને આપણે ધારણ કરવાના છે

પર્યુષણ વિશે કલ્પસૂત્રમાં કહેવાયું છે કે આ આધ્યાત્મિક પર્વના દિવસે શુદ્ધ મનથી આરાધના કરવી જોઈએ અને વિચાર કરવો જોઇએ કે ખરેખર આપણે સાચા જૈન છીએ ખરા ? જૈન ધર્મની કેટલી ક્રિયા આપણા જીવનમાં ઊતરી ? જૈનદર્શનની કેટલી વ્યાપકતા આપણા મનમાં પ્રવેશી કે પછી અનેકાન્તના ઉપાસકો નાની નાની બાબતોનાં ઝઘડામાં ફસાઇ ગયા છો ? ધન કે તપની પ્રસિદ્ધિમાં ખોવાઇ ગયા છો ? પીડિત માનવો તરફની કરૂણા ભૂલી ગયા છો ?

આટલા વિચારની સાથે શાસ્ત્રોમા પર્યુષણની અગિયાર પ્રકારે આરાધના કરવાની વાત કરી છે તે જોઇએ. અગિયાર પ્રકાર આ પ્રમાણે છે. (૧) જિનપૂજા (૨) ચૈત્ય પરિપાટી (૩) સાધુ-સંતોની ભક્તિ (૪) સંઘમાં પ્રભાવના (૫) જ્ઞાનની આરાધના (૬) સાધર્મિક વાત્સલ્ય (૭) કલ્પસૂત્ર શ્રવણ (૮) તપશ્ચર્યા કરવી (૯) જીવોને અભયદાન દેવું (૧૦) સાંવત્સરિક પ્રતિક્રમણ કરવું (૧૧) પરસ્પર ક્ષમાપના કરવી.

## ડૉ. કુમારપાળ દેસાઈને પ્રેસીડેન્ટ સ્પેશ્યલ એવોર્ડ

અમેરિકાના તમામ જૈન સેન્ટરો અને ઓર્ગેનાઇઝેશન્સનો જેમાં સમાવેશ થાય છે તે "ફેડરેશન ઓફ જૈન એસોસિયેશન ઈન નોર્થ અમેરિકા" (જૈના) દ્વારા કેનેડાના ટોરન્ટો શહેરમાં યોજાયેલ નવમા દ્વિવાર્ષિક અધિવેશનમાં "પ્રેસિડેન્ટ સ્પેશ્યલ એવોર્ડ" ભારતના ડૉ. કુમારપાળ દેસાઇને એનાયત કરાયેલ. દર બે વર્ષે અમેરિકામાં વસતી આઠેક હજાર વ્યક્તિઓની હાજરીમાં યોજાયેલ આ અધિવેશનમાં અમેરિકામાં મહત્ત્વની પ્રવૃત્તિ કરનારને એવોર્ડ આપવામાં આવે છે તેમજ એક વિશિષ્ટ એવોર્ડ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જૈન ધર્મદર્શનની મહત્ત્વની કામગીરી બજાવનારને 'જૈના'ના પ્રેસિડેન્ટ તરફથી એનાયત કરવામાં આવે છે. ડૉ. કુમારપાળ દેસાઈનો સાહિત્યસર્જન, સંપાદન, સંશોધન વિદેશોમાં જૈન ફિલોસોફીના પ્રચાર માટેનો અવિરત પ્રયાસ તેમજ અનેક દેશોમાં એમના પ્રવચનો તથા જુદી જુદી સંસ્થાઓ દ્વારા એમણે કરેલી કાર્યપ્રવૃત્તિને જોઈને અપાયેલો આ વિશિષ્ટ એવોર્ડ ચોથી જુલાઇએ કેનેડાના ટોરેન્ટો શહેરમાં યોજાયેલા અધિવેશનમાં એનાયત થયેલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "જીવનસાથી નવકારને નહિ જ છોડું!"

[ "જેના હૈયે નવકાર તેને કરશે શું સંસાર?" પુસ્તકમાંથી સાભાર ]

પ.પૂ. અચલગચ્છાધિપતિશ્રીનાં આજ્ઞાવર્તિની સા શ્રી વસંતપ્રભાશ્રીજીનાં શિષ્યા શ્રી ચારુધર્માશ્રીજી

અમારા પરમોપકારી ગુરુદેવ પૂ. સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ. ને નવકાર મહામંત્રની સાધના કરતાં અનેક વિશિષ્ટ અનુભવો થયાં છે. તેમાંથી ત્રણ અનુભવો અહીં રજુ કરું છું. જે વાંચીને એકાદ પણ આત્મા નવકાર મહામંત્રની આરાધનામાં જોડાશે તો હું મારો પ્રયાસ સાર્થક થયો માનીશ

## દૈવી ઉપસર્ગમાં અડગતા

વર્ષો પૂર્વે જ્યારે પૂ. ગુરુદેવશ્રીએ નવકાર મહામંત્રનો વિધિવત્ નિયમિત જાપ શરૂ કર્યો ત્યારે થોડા દિવસો બાદ તેમને જાતજાતના ઉપદ્રવો થવા લાગ્યા. કયારેક આંતરિક તો કયારેક બાહ્ય ઉપદ્રવો લાગલાગટ ત્રણ વર્ષ સુધી ચાલ્યા. કયારેક તો એક-બે મહિના સુધી જાપ કરતાં બિલકુલ ભાવ ન આવે, કંટાળો આવવા માંડે. છતાં પણ દૃઢ નિશ્ચય કરી ગુરુદેવે જાપ ચાલુ જ રાખ્યો. નક્કી કરેલો જાપ પૂર્ણ ન થાય ત્યાં સુધી મોંમાં પાણી પણ ન નાંખવાનો તેમનો સંકલ્પ હતો!...

ત્રણ વર્ષ બાદ એક વખત તેઓ કચ્છ-માંડવીમાં હતા. ત્યારે ૩ દિવસ સુધી રાતના સમયે જાણે બ્રહ્માંડ ફાટી જાય એવા ભયંકર અવાજો તેમને સંભળાવા લાગ્યા. ચોથી રાત્રે સુવાની જગ્યા બદલાવી નાખી. તો પણ પહેલાં કરતાં વધારે ભયંકર અવાજો સંભળાવા લાગ્યા. અને થોડીવાર બાદ કોઇક તેમની છાતી પર ચડીને બેસી ગયો અને ધમકાવીને કહેવા લાગ્યો "તારો નવકાર છોડે છે કે નહિ!"

પૂ. ગુરુદેવશ્રીએ નીડરતાપૂર્વક કહ્યું : 'મરી જઇશ તો પણ મારા જીવનસાથી નવકારને નહિ જ છોડું'.... ભવોભવનો એ મારો સાથી છે, માટે એનો ત્યાગ તો કોઈ પણ સંયોગમાં નહિ જ કરું !!! ...

લગભગ વીસેક મિનિટ સુધી આવી રકઝક ચાલી. પણ પૂ. ગુરુદેવશ્રીની મક્કમતા જોઇ છેવટે બધું જ શાંત થઇ ગયું અને કોઇક દિવ્યપુરુષ પ્રગટ થયો. તેણે કહ્યું : 'મેં આપને ઘણા જ હેરાન કર્યા છે. કૃપા કરીને આપ મને ક્ષમા આપો.'

તેમણે કહ્યું : 'મારા તરફથી ક્ષમા જ છે પણ તું આવી રીતે બીજા કોઇને હેરાન ન કરીશ અને જૈન ધર્મનો સ્વીકાર કરજે.'

'તથાસ્તુ' કહીને તે અંતર્ધાન થઈ ગયો !!!...

## "સમવસરણનાં દર્શન થયાં!"

એક વખત પૂ. ગુરુદેવશ્રી, પોતાના વડીલ સાધ્વીજીઓ સાથે શંખેશ્વર તીર્થે ગયા હતા. કુલ ૪ ઠાણા હતા. પૂ. ગુરુદેવશ્રીને શંખેશ્વરમાં અઠ્ઠમ કરવાની ખૂબ ભાવના હતી પણ સંયોગ-વશાત્ વડીલો તરફથી અઠ્ઠમ માટે અનુમતિ મળી શકે તેમ ન હતી. પૂજ્યશ્રી જ્યારે રાધનપુર પહોંચ્યા ત્યારે અઠ્ઠમની ભાવના સાથે રાત્રે નવકાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહામંત્રનું સ્મરણ કરતાં કરતાં નિદ્રાધીન થયા, અને તેમણે સ્વપ્ન જોયું : 'એક મોટા હોલમાં ઘણા સાધ્વીજીઓ બિરાજમાન હતા. ત્યાં અચાનક એક મોટો નાગ આવ્યો કે જે ખૂબ જ ચમકદાર કાંતિયુક્ત હતો. પૂ. ગુરુદેવશ્રીએ અન્ય સાધ્વીજીઓને પૂછયું, 'આવા મોટા નાગને જોઇને તમને ભય નથી લાગતો!' ત્યારે વયોવૃદ્ધ વડીલ સાધ્વીજીઓએ કહ્યું કે, 'આ તો ધરણેન્દ્રદેવ છે, એટલે અમને ભય નથી લાગતો.'

ત્યાં તો એક નાનકડો બાળક રડતો રડતો ત્યાં આવ્યો. પૂ. ગુરુદેવશ્રી તેને ઊપાડવા જાય છે, ત્યાં કોઇકે એમને કહે છે, 'જો તમે આ બાળકને ઉપાડશો તો આ નાગદેવ તમને ડંખ મારશે.'

પૂજ્યશ્રીએ કહ્યું : 'ભલે ડંખ મારે પણ હું તો આ બાળકને રડતો જોઇ શકતી નથી' એમ કહી એ બાળકને ઉપાડયો અને તેને નવકાર મહામંત્ર સંભળાવ્યો. ત્યારે તે બાળક ખૂબ જ રાજી થઈ ગયો અને પેલા નાગદેવને કહ્યું, 'બાપા, બાપા, મને જે જોઇતું હતું તે મળી ગયું. તમે આમને કાંઇક વરદાન આપો!'

ત્યારે નાગરાજે પૂ. ગુરુદેવશ્રીને કહ્યું, માંગો, માંગો, તમને જે જોઇએ તે આપું.'

પૂજ્યશ્રીએ કહ્યું. 'મને બીજું કાંઈ જ નથી જોઇતું પણ હું શંખેશ્વર જાઉં છું. ત્યાં મારી અઠ્ઠમ કરવાની ભાવના છે. તે નિર્વિઘ્નતાએ પૂર્ણ થાય એટલું જ ઇચ્છું છું!'

'તથાસ્તુ' કહીને નાગરાજ અદૃશ્ય થઈ ગયા.

પછી પૂજ્યશ્રી શંખેશ્વર પહોંચ્યા. વડીલોની અનુમતિ મેળવી અઠ્ઠમ તપ કર્યો. ત્રીજા ઉપવાસે રાત્રે સુતી વખતે થોડી ચિંતા થઈ કે સવારના સમયસર નહિ ઉઠાશે તો રોજના સંકલ્પ પ્રમાણે જાપ કેમ થઇ શકશે?' જાપ પૂર્ણ કર્યા વિના મુખમાં પાણી પણ નહિ નાખવાનો સંકલ્પ હતો.

એ જ ચિંતામાં સૂઈ ગયા અને રાત્રે ૧૨ વાગે નિદ્રા દૂર થતાં બેસી ગયા અને નવકાર મહામંત્રનો જાપ કરવા લાગ્યા.

૧૦-૧૨ નવકાર ગણ્યા ત્યાં તો શ્રી ભીડભંજન પાર્શ્વનાથ ભગવાન એમની સામે આવીને બેસી ગયા ને નવા-નવા રૂપ કરવા લાગ્યા.

પૂ. ગુરુદેવશ્રી કહેવા લાગ્યા : 'તમે તો વીતરાગ ભગવાન છો. તો પછી નવાં-નવાં રૂપ લઈને મને કેમ રમાડો છો?'

તો પણ એ દૃશ્ય ચાલુ રહ્યું. ત્યારે પૂ. ગુરુદેવશ્રીએ કહ્યું, 'તમે મને શ્રી સીમંધરસ્વામી ભગવાનનાં દર્શન કરાવો.'

અને, ખરેખર ત્યાં પૂજ્યશ્રીને અદ્ભૂત સમવસરણનાં દર્શન થયાં. તેમાં બીરાજમાન થયેલા શ્રી સીમંધરસ્વામી ભગવાન અમૃતથી પણ સુમધુર વાણીમાં, "પ્રમાદ ત્યાગ" વિષેની દેશના આપી રહ્યા હતા!.... ભગવંતના શબ્દો પણ પૂ. ગુરુદેવશ્રીએ સ્પષ્ટ સાંભળ્યા. પૂજ્યશ્રીના આનંદનો પાર ન રહ્યો. થોડી વાર બાદ ઘંટનાદ સંભળાયો, અને સમવસરણ અદૃશ્ય થઈ ગયું. તેની જગ્યાએ ફરી પેલા ભીડભંજન દાદા ત્યાં આવી ગયા અને કેટલીક વાર બાદ તે પણ અદૃશ્ય થયા ત્યારે ઘડિયાળમાં બેના ડંકા થયા આમ બે કલાક સુધી પૂજ્યશ્રીએ કોઇ અલૌકિક દુનિયાનો આનંદ અનુભવ્યો. પછી પણ સવાર સુધી નવકાર જાપમાં જ લીન રહ્યા. સૂતા નહિ!....ને સવારે દેરાસરમાં દર્શન કરવા ગયા ત્યારે ત્યાં પણ રાત્રે દેખાયા હતા તેવા જ સ્વરૂપમાં શ્રી ભીડભંજન પાર્શ્વનાથ ભગવાનનાં દર્શન થયાં અને અપૂર્વ આનંદની અનુભૂતિ થઇ.

### "દેહભાન ભૂલાઇ ગયું!"

એક વખત કચ્છ માંડવીમાં પૂ. ગુરુદેવશ્રીએ ખીરના ૨૦ એકાસણા તથા મૌન સહિત ૧ લાખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નવકાર જાપનો સંકલ્પ કર્યો હતો. રોજ ૫૦ બાંધી માળાનો જાપ થતો. ત્યારે એક દિવસ પૂજ્યશ્રી જાપમાં એવા ખોવાઇ ગયા હતા કે તેમના શરીર ઉપર પુષ્કળ કીડીઓ ચડી ગઇ અને કપડામાં છિદ્ર પડી ગયા. કીડીઓ ચટકા ભરવા લાગી તો પણ ઘણીવાર સુધી પૂજ્યશ્રીને ખબર પણ ન પડી. આમ નવકાર મંત્રના જાપ દ્વારા પૂજ્યશ્રીએ દેહાધ્યાસ ઉપર ઠીક ઠીક વિજય મેળવ્યો છે. આવા તો બીજા ઘણા અનુભવો છે પણ પૂજ્યશ્રી બને ત્યાં સુધી કોઈને પણ જણાવતા નથી. છતાં કોઇને પણ આ અનુભવો વાંચીને નવકાર પ્રત્યે અટલ શ્રદ્ધા જાગે અને તેની આરાધના દ્વારા આત્મકલ્યાણ સાધી શકે એવા શુભ આશયથી અહીં ત્રણ પ્રસંગો રજૂ કર્યા છે.

## વર્લ્ડ બેન્કના પ્રમુખનું જૈન ધર્મ અંગે નિમંત્રણ

વિશ્વવ્યાપી ધોરણે જૈન દર્શનનો પ્રસાર કરતી સંસ્થા ઇન્સ્ટિટ્યૂટ ઓફ જૈનોલોજીના કો-ઓર્ડિનેટર ડૉ. કુમારપાળ દેસાઈ જણાવે છે કે આ સંસ્થાને વર્લ્ડ બેન્કના પ્રમુખ એન્ડ્રુસ્ટીરે દ્વારા વિચાર-વિમર્શ માટે નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. વર્લ્ડ બેન્કની કાર્યવાહી સ્થાનિક સમાજને વધુ ઉપયોગી બને અને એના મૂલ્ય-માળખાનું વિશ્લેષણ થાય તે માટે જગતના કેટલાક ધર્મોના અગ્રણીઓ સાથે આ ચર્ચા યોજાઈ છે. આમાં બૌદ્ધ, ખ્રિસ્તી, હિન્દુ, મુસ્લિમ, બહાઇ, યહુદી, શીખ અને તાઓ ધર્મની વ્યક્તિઓ ભાગ લેશે. આ અંગે ઇન્સ્ટિટ્યૂટ ઓફ જૈનોલોજી દ્વારા અમેરિકાની બર્કલી યુનિવર્સિટીના વિદ્વાન પ્રાધ્યાપક અને જૈન ધર્મદર્શન વિશે અદ્યતન મૂલ્યવાન પુસ્તકોના લેખક ડૉ. પદ્મનાભ જૈની તથા સંસ્થાના અન્ય કોઓર્ડિનેટર શ્રી નેમુ ચંદરયા ભાગ લેશે.



## તાજુડીની પ્રાર્થના

દુષ્કાળ આવ્યો અને લોકોનાં રૂદન શરૂ થયા, પ્રાર્થનાઓ થઇ પણ મેઘરાજાએ એ ન સાંભળી, પછી પાઈ-પૈસાનો વેપાર કરનાર પેલો વેપારી ઉભો થયો, કહે : 'હે ...પ્રભુ !, 'હું' જો આ ત્રાજવાને વફાદાર રહ્યો હોઉં તો આજ વરસાદ વરસાવજે.' અને મેઘરાજા મન મુકી વરસી પડયા. કારણ ? પળપળની એની પેલી તાજૂડી એની પ્રાર્થના બની ગઈ હતી. આનું નામ સાધના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ. પૂ. આગમ પ્રજ્ઞ-તારક ગુરુદેવશ્રી

# જંબૂવિજયજી મ. સાહેબના વ્યાખ્યાનો

[હપ્તો ૨ જો]

**અષાડ વદ ૧**

મોજશોખમાં ડૂબેલા યુવાનો મદોન્મત્ત બની જાય છે બસ બંગલ, ગાડી, મોજશોખ આ બંધુ મળવાથી તેઓ ધર્મને ભૂલી જાય છે. તેમના મગજમાં ભોગસુખોની જ વિચારણા ચાલતી હોય છે. જીવ હંમેશા આ લોકના સુખમાં જ ડૂબેલો રહે છે. ધોમધખતા તાપમા રણમાં એક બોરડીના ઝાડની છાયા હોય અને માણુસ તેની છાયામાં બેઠેલો હોય પરંતુ તે છાયા કયાં સુધી? તેમ જ કેવી? તેવી રીતે આ ભોગસુખોની છાયા પણ તેવી જ ક્ષણિક છે. આ વૈભવ બોરડીના વૃક્ષની નીચે પથરાયેલા કાંટા જેવો છે. જ્યારે માણુસની દષ્ટિ પરલોક સુધી પહોંચે ત્યારે જ તેને ખ્યાલ આવે કે મારે શુ મેળવવાનું છે. ભોજરાજાના વખતની વાત છે. તેના રાજ્યમાં એક તળાવ હતું. તે પાણીથી ભરપૂર ભરેલું હતું. ત્યાં કોઇક માણુસે કહ્યું કે, આ તળાવને જે તરી જશે તેને એક લાખ સોનામહોર આપીશ. કોઇ માણુસે બીડું ઝડપ્યું. પરંતુ તે તળાવને તરી ન શકયો અધવચમાં જ ડૂબી ગયો અને વ્યંતર રૂપે ઉત્પન્ન થયો પોતાનો પૂર્વભવ જોયો. એણે તળાવમાં આશ્ચર્ય ઉત્પન્ન કર્યું. તળાવની મધ્યમાં પોતાનો એકલો હાથ જ ઉંચે કરે છે અને અવાજ કરે છે કે એકથી ડૂબે છે. ... એકથી ડૂબે છે. માણુસો ડરી જાય છે કે કોઇ ભૂત-પ્રેત લાગે છે. ભોજરાજા સુધી વાત પહોંચે છે. ભોજ પોતાના વિદ્વાનોને કહે છે કે આ તળાવમાંથી હાથ નીકળે છે અને અવાજ કરે છે. તેની પાછળ કારણુ શું? પરંતુ કોઈ જવાબ આપી શકતા નથી એક બખત એક ભરવાડના કાને આ વાત પહોંચે છે. એ કહે છે કે મને ત્યાં લઇ જાઓ હું તેનું કારણુ શોધી આપીશ. તે ત્યાં જઈને લોકોને પૂછે છે કે આ પહેલાં કાંઇ બનાવ બનેલો? માણુસો પેલાની વાત કરે છે. એ કહે છે- ઓહો! આ તો એકથી ડૂબે છે એટલે એમ કે લોભથી માણુસ ડૂબે છે. કારણુ પેલા વ્યંતરનો જીવ લોભમાં ડૂબ્યો હતો. કેવળ પરલોક માટે જ નહીં પણુ આપણા આત્માને અને દેશને બચાવવા માટે પણ ધર્મ જોઈશે લોભ નામની ચીજ એવી છે કે તે સર્વનું સત્યાનાશ વાળી દે છે. ધર્મના સિદ્ધાંતો આખા દેશને સમજવા માટે છે કેવળ ચાર દિવાલો વચ્ચે પૂરાયેલા માણુસો માટે નથી. આપણો સર્વ વ્યવહાર કેવળ પૈસાની પાછળ જ રહેલો છે. માણુસો છ પ્રકારના છે. ૧ અધમાધમ. ૨. અધમ. ૩. વિમધ્યમ. ૪. મધ્યમ. ૫. ઉત્તમ. ૬ ઉત્તમોત્તમ એમાં પહેલા નંબરના માણુસો આ લોક અને પરલોક બંને બગાડે છે. ભગવાને આપણુને સમજાવવા માટે નારકીની વચ્ચે કે દેવલોકની વચ્ચે ન રાખ્યા પરંતુ પશુઓની વચ્ચે રાખ્યા શા માટે? કારણુ આપણુને સમજાય કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાપ અને પુણ્ય નામની કોઇ ચીજ છે. આપણી આંખ સામે એવી યાતના જોઇને આપણું દિલ કાંઈક પીગળે. ધર્મ કરવા પ્રેરાય આ યોનિમાં જ સુધરવાની તક છે. પાપીમાં પાપી દ્રઢપ્રહારી જેવો માણુસ પણ તરી ગયો. જો એ બીજી યોનિમાં હોત તો એને ક્યાં તરવાની તક મળત. માટે જ ભગવાને આપણને બધાની વચ્ચે રાખ્યા છે. છતાં આપણે ભોગસુખો પાછળ એવા અંધ બન્યા છીએ કે આપણને કોઇ દિવસ વિચાર જ આવતો નથી કે આ મૃત્યુ પછી થશે શું ? બીજો નંબર અધમ માણસોનો આવે છે. તે માણસો એવી જાતના હોય છે કે એ આ લોકને બગાડતા નથી. તેમની પ્રવૃત્તિ આ લોકના સુખ માટે હોય છે. તેમની સામે પરલોકના સુખની કોઇ જ વિચારણા હોતી નથી. તેવા માણસને કહેવામાં આવે કે પરમાત્માની કાંઈક ઉપાસના કરતો પરલોકમાં સુખી થઇશ. તો જવાબ મળશે કે બસ આ લોકની વાત આ લોકમાં. પરલોકની વાત પરલોકમાં ત્રીજા નંબરના માણસો વિમધ્યમ કહેવાય જે બન્ને લોકનો વિચાર કરે છે. આ-લોકમાં પણ સારી કીર્તિ મેળવે છે અને પરલોક માટે પણ ધર્મની આરાધના કરે છે. ચોથા નંબરના જીવો મધ્યમ કોટિના કહેવાય છે. એ તો કેવળ પરલોકના સુખની જ ઇચ્છા રાખતા હોય છે. પાંચમા નંબરના જીવો ઉત્તમ કોટિના હોય છે. એમને આ લોક કે પરલોકનાં સુખોની કોઈ કોઈ ચિંતા હોતી નથી. એને સંસારી જીવન જ બંધનરૂપ લાગે છે. એમની પ્રવૃત્તિ હંમેશા આ ભોગ સુખોમાંથી જલ્દી મુક્ત થવા માટેની જ હોય છે. ઉત્તમ માણસ હંમેશા પોતાનામાં રહેલા દુર્ગુણોને જ જુએ છે. એને પોતાની પ્રશંસા વીંછીના ડંખ જેવી લાગે છે. મોક્ષ એટલે જીવનમાં રહેલા બધા દુર્ગુણોનો નાશ કરવો. છઠ્ઠા નંબરના જીવો ઉત્તમોત્તમ હોય છે. જેમાં અરિહંત પરમાત્મા આવે છે. તેમની વિચારણા જગતના સમગ્ર જીવોના કલ્યાણ માટેની જ હોય છે. જેઓ છેક નિર્વાણની છેલ્લી મિનીટ સુધી પણ જગતના જીવોના કલ્યાણ માટે ઉપદેશ આપે છે. આપણે આપણો સંબંધ આવા ઉત્તમ તથા ઉત્તમોત્તમ કોટિના માણસોની સાથે જોડવાનો છે. નહિં કે અધમાધમ સાથે. ભગવાને આપણને આવા ઉચ્ચકુળમાં શા માટે મોકલ્યા છે તે જાણો છો ? પરમાત્મા સાથે સંબંધ જોડવા. નહીં કે પૈસો કમાવા ? આપણા હૃદયમાં અરિહંત પરમાત્માનું જ સ્થાન હોવું જોઇએ, નહીં કે બાહ્ય પદાર્થોનું. જીવનના કેન્દ્ર સ્થાને અરિહંત પરમાત્માને રાખો. જીવનમાં સદ્‌ગુણો હશે તો જ ધર્મ ટકી શકશે. આ છમાંથી આપણે કઈ કેટેગરીમાં આવીએ છીએ ? જરા વિચાર જો.

**અષાડ વદ ૨**

માનવે પોતાની રહેણી-કરણીમાં લાખો વર્ષ દરમ્યાન કેટલા કેટલા ફેરફારો કર્યા. જ્યારે પંખીઓમાં આવું જોવા મળે છે ખરૂં ? પંખીઓ લાખો વર્ષ પહેલાં જેવી રીતે માળો બાંધતા હતા તે પ્રમાણે આજે પણ બાંધે છે. જ્યારે માનવો વર્ષો પહેલાં કેવી રીતે ઘર બાંધતા હતા અને આજે કેવી રીતે બાંધે છે. તે જાણો છો ને ? માણસે પોતાના બાહ્ય વૈભવમાં ફેરફાર કર્યા છે. પણ અંતરની અંદરના વૈભવમાં કોઈ ફેરફાર કર્યો છે ખરો ?

**એક ઘડી આધી ઘડી આધી સે પુની આધ, તુલસી સંગત સાધુ કી, કટે કોટી અપરાધ.** સજ્જન પુરૂષનો એક ઘડી કે અડધી ઘડી જેટલો સંગ પણ જીવનમાં મોટો ફેરફાર લાવી દે છે. એક શેઠ હતા. બહુ સંપત્તિવાળા હતા. શેઠ કરતા શેઠાણીનો મિજાજ ઓર જાતનો હતો. એને પોતાના પતિનો એવો ગર્વ હતો કે બસ મારા પતિ પર જ આ આખું જગત ચાલે છે. હવે એક દિવસ એના ગામમાં કોઇ સંતપુરૂષ

For Private And Personal Use Only


પધાર્યા. સંતપુરૂષની વાણી સાંભળવા આખું ગામ ઉમટ્યું છે. એટલે શેઠ શેઠાણીને કહે છે કે સંતપુરૂષની વાણી સાંભળવા જઈએ. શેઠાણી કહે કે ઓહ્ એવા બ્રાહ્મણની વાણીમાં શું સાંભળવા જવું હતું ? એમ કહીને તેને ધુત્કારી કાઢે છે. થોડા દિવસ જાય છે અને ફરી શેઠ કહે છે અને ફરીથી શેઠાણી ધુત્કારી કાઢે છે. આખરે છેલ્લે શેઠ કહે છે, કાંઇ નહીં વાણી ન સાંભળવી હોય તો પણ ત્યાં જાઓ તો ખરા. લોકોનો મેળાપ થશે. શેઠને એમ કે એમ કરતાં કાંઈક શેઠાણી સુધરે તો...છેવટે શેઠાણી જવાનું નક્કી કરે છે અને જાય છે અને વાણી સાંભળે છે. તેને વાણી સોંસરી ઉતરી જાય છે. અહંકાર એટલે અંધકાર. આ બધો વૈભવ શા માટે ? કેવળ અંધકારને પોષવા માટે જ ને ? અહમ્ ઉપર જ આખો સંસાર ચાલે છે. અહંકારને શાસ્ત્રમાં તો પહાડ કહે છે. આવો અહંકારરૂપી પર્વત જ્યાં સુધી આડો હશે ત્યાં સુધી ભગવાનના વાણીરૂપી કિરણો જીવનમાં પ્રવેશી શકશે નહીં. માટે પહેલાં અહંકારરૂપી અંધકારનો નાશ કરો. શેઠાણીનો અહંકાર ઓગળી જતાં જ તેને પોતાના સઘળા દુર્ગુણો આંખ સામે દેખાય છે. જીવનમાં બહુ મોટું પરિવર્તન થઈ ગયું અને નિયમિત રીતે શેઠાણી વાણી સાંભળવા જાય છે. શેઠ કહે છે અરે ઓ શેઠાણીજી ! તમારી અંદર તો ઘણો મોટો ફેરફાર થઈ ગયો. શેઠાણીનો તો હવે ગર્વ ઓગળી ગયો હતો માટે કહે છે કે – હું તો સુધરી નથી પણ બગડી ગઈ છું. મને હવે મારા દોષો સઘળા દેખાય છે. આ રીતે વાણીના સંગથી શેઠાણીનું જીવન નિર્મળ બની ગયું. આપણું જીવન પત્તાના મહેલ જેવું છે. મૃત્યુરૂપી પવનના એક ઝપાટે જીવનરૂપી પત્તાનો મહેલ પડી જતાં વાર નહીં લાગે. માનવજન્મની વિશેષતા અને મહત્તા એ છે કે તે પોતે સર્વ સમજી શકે છે અને ફેરફાર કરી શકે છે. સાચી સમજણ આવ્યા પછી દઢપ્રહારી જેવો પાપીમાં પાપી માણસ કેવળજ્ઞાન સુધી પહોચી શકે છે. દઢપ્રહારીનું નામ એટલા માટે લેવુ પડયું કે તે ખૂબ જ હિંસા કરતો. બધાને લુંટી લેતો. આ દઢપ્રહારી કોઈ એક નગરમાં ફરતો હશે. ત્યાં એક ગલીમાં એક ગરીબ બ્રાહ્મણનું ઘર હતું. એ બ્રાહ્મણના ઘેર ખીર રંધાતી હતી. છોકરાં રાહ જોઇને બેઠાં હતાં. એવામાં ત્યાંથી દઢપ્રહારી નીકળે છે અને ખીર જુએ છે, તે ખીર લેવા માટે દોડે છે. બ્રાહ્મણથી આ જોયું નથી જતું, કારણ કે પોતાનાં છોકરાં ભૂખથી ટળવળે છે માટે તે સામે જાય છે અને તેની સામે ઉભો રહે છે. દઢપ્રહારી આવી નજીવી ચીજ માટે તલવાર ખેંચે છે. કારણ ભૂખથી અને ક્રોધથી તેનું મગજ બહેર મારી ગયું હતું. ત્યાં રસ્તામાં ગાય આડી આવે છે. સીધી ગાય પર તલવાર ચલાવે છે. ત્યાં તેની સામે બ્રાહ્મણી આવે છે. બ્રાહ્મણી પર પણ તલવાર ચલાવે છે. બ્રાહ્મણી ગર્ભવતી હતી. બ્રાહ્મણી અને ગર્ભ બન્ને તરફડીને મરી જાય છે. સામે બ્રાહ્મણ આવે છે. બ્રાહ્મણને મારી નાખે છે. શાસ્ત્રમાં આવતી મહા ચાર હત્યાઓ – બ્રહ્મહત્યા, ગૌહત્યા, ભ્રૂણ (ગર્ભ) હત્યા અને સ્ત્રીહત્યા આ ચાર-ચાર હત્યાઓ કર્યા પછી જ્યાં એ ખીરના તપેલા પાસે પહોંચે છે ત્યા બાળકોની રોકકળ સાંભળીને તેને ખૂબ આઘાત લાગે છે. તેની સામે લોહીથી તરબોળ ચાર શબો પડયાં છે. આ નજરે જોતાં તેનું હૃદય દ્રવી ઉઠે છે. ત્યાંથી ભાગે છે. લોકો તેના પર ખૂબ ફીટકાર વર્ષાવે છે. એન જીવનમાં અશાંતિ અશાંતિ થાય છે. ત્યાં ફરતાં ફરતાં તેને એક સાધુ મહાત્મા મળે છે. સાધુ મહાત્મા કાઉસગ્ગમાં છે, તેની શાંતિ જોઇને દઢપ્રહારી કહે છે. મહારાજ મને શાંતિ આપો. હું મહાપાપી છુ. મને બચાવો. મુનિ જ્ઞાનથી જુએ છે કે કોઈ મહાન્ આત્મા છે. મુનિ તેને ધર્મની દેશના આપે છે. આ સાંભળીને તેને શાંતિ થાય છે. સાધુ બને છે અને પ્રતિજ્ઞા કરે છે કે દિવસે મને મારૂં પાપ યાદ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવશે તે દિવસે આહાર પાણી ત્યાગ. હવે ગૌચરી વહોરવા ગામમાં જાય છે, ત્યાં લોકો તેને ગાળો આપે છે અને કહે છે કે આ પાપી જાય. પાપી જાય. આમ એને પાપ યાદ ન આવે તો પણ લોકો તેને પાપ યાદ કરાવે છે છ મહિના સુધી આહાર પાણીનો ત્યાગ થાય છે. અને છેવટે કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. આ દાખલો નજર સામે રાખીએ તો ખ્યાલ આવે કે આ માનવ જીવનનું કેવું મૂલ્ય છે ? આ જીવનમાં આપણે શું ન કરી શકીએ ? કેવો પાપીમાં પાપી માણસ પણ કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. આપણે તો એના જેવા પાપી નથી. તો ભગવાનને પ્રાર્થના કરો કે ભગવાન આવા પાપીને તે કેવળજ્ઞાન આપ્યું તો હું તો એવું કોઈ પાપ નથી કરતો મને ક્યારે કેવળજ્ઞાન મળશે ? પણ ખરા દિલથી પ્રાર્થના હોય તો સફળ થાય. ખરા દિલથી પાપનો પશ્ચાતાપ હોય તો પાપીમાં પાપી માણસ પણ પવિત્ર બની જતો હોય છે. ભગવાન મહાવીર એટલે કરુણાની મૂર્તિ... ચંડકૌશિક જેવા તિર્યંચ પ્રાણીને પણ જો સામે ચાલીને બૂઝવવા ગયા હોય તો ભગવાનની સામે જતા આપણને એ કેમ ન તારે ?


## શારદાપૂજન બુક માટે અવશ્ય અમારો સંપર્ક સાધો



શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ "જૈન શારદા પૂજન વિધિ" બુક દિવાળીના દિવસે વહીપૂજન અર્થાત્ સરસ્વતી પૂજનના અવસરે કરવાની અને બોલવાની વિધિથી સભર છે

ગુરુ ગૌતમસ્વામી, માતા સરસ્વતી દેવી તથા માતા મહાલક્ષ્મી દેવીના આકર્ષક ફોટાઓ સાથેની આ બુકની કિંમત માત્ર રૂા. ૩–૦૦ રાખવામાં આવેલ છે.



સંપર્ક : **શ્રી જૈન આત્માનંદ સભા**
ખોડીયાર હોટલ સામે-ખાંચામાં,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

**કે. પી. સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી નવી પાંજરાપોળ શરૂ કરનાર સંઘ માટે પ્રોત્સાહન યોજના**

મુંગા, અશક્ત, વૃદ્ધ અને અપંગ પશુ-પક્ષીઓની સેવા પાલનપોષણ માટે જે ગામોમાં પાંજરાપોળ ગૌશાળા ન હોય તે ગામના સંઘ પાંજરાપોળ શરૂ કરવાનું કરશે તો તેઓને પાંચ લાખ રૂપિયાની માતબર રકમ આપવા વિચારાયું છે. આ અંગે નીચેના સ્થળે વિગતો મોકલી આપવી.

**કે. પી. સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટ**
૨૦૧, અલ્પા એપાર્ટમેન્ટ, લાલ દરવાજા, બંદુગરા નાકા, **સુરત**-૩૯૪ ૦૦૩ (ગુજરાત)


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધર્મરૂપી મહેલનો પાયો

# સમ્યકૂત્વ

ચીમનલાલ એમ. શાહ –'કલાધર' (મુંબઈ)

જૈનધર્મમાં 'ज्ञान क्रियाभ्यां मोक्षः' ની વાત પર ખૂબ જ ભાર મૂકવામાં આવ્યો છે. જ્ઞાન અને ક્રિયા વડે મોક્ષ પ્રાપ્ત થાય છે એમ જૈન શાસ્ત્રકારો સ્પષ્ટ કહે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ મોક્ષનો માર્ગ છે. જેને દર્શન નથી તેને જ્ઞાન નથી, જેને જ્ઞાન નથી તેને ચારિત્રના ગુણો નથી, જેને ચારિત્રના ગુણો નથી તેને મોક્ષ નથી. અર્થાત્ તેનો કર્મમાંથી છૂટકારો નથી અને જેનો કર્મમાંથી છૂટકારો નથી તેનું નિર્વાણ નથી. સમ્યકૂત્વ એ જ મોક્ષમાર્ગનો ઉપાય છે શ્રી ઉમાસ્વાતિજી મહારાજે 'तत्त्वार्थाधिगम सूत्र'માં 'सम्यग् दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः' એમ દર્શાવ્યું છે. અર્થાત્ સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે એમ કહ્યું છે. શ્રી ઉમાસ્વાતિજી મહારાજે આ સૂત્ર રજૂ કરીને વસ્તુ સ્પષ્ટ કરી છે. આથી સમજી શકાય છે કે મોક્ષમાર્ગના ઉપાયોમાં સમ્યકૂત્વનું સ્થાન નિશ્ચિત અને પ્રથમ પંક્તિનું છે.

જૈન શાસ્ત્રોમાં સમ્યકૂત્વનો ભારે મહિમા ગાવામાં આવ્યો છે. કારણ કે સમ્યકૂત્વની વિદ્યમાનતા હોય તો જ આધ્યાત્મિક પ્રગતિ થઇ શકે છે અને જ્ઞાન, ક્રિયાના માર્ગે આગળ વધી મોક્ષ સુધી પહોંચી શકાય છે.

સમ્યક્ પણું સમજવા માટે સમ્યક્નો અર્થ સમજવો જરૂરી છે. ભાષાશાસ્ત્રના ધોરણે સમ્યક્ શબ્દ પ્રશંસા અર્થે વપરાય છે. એટલે તેનો અર્થ સારું, શુભ, સુંદર કે પ્રશસ્ત થાય છે. અને તેથી સારા પણું શુભપણું, સુંદરતા કે પ્રશસ્તતા એ જ સમ્યકૂત્વ છે. જ્યાં સુધી આત્માના પરિણામો મિથ્યાત્વથી યુક્ત હોય ત્યાં સુધી તે સારા, શુભ, સુંદર કે પ્રશસ્ત કહેવાને યોગ્ય નથી. પરંતુ દર્શન મોહનીય કર્મનો ઉપશમ ક્ષયોપશમ ક્ષય થતાં જ્યારે તે સંવેગ, નિર્વેદ, આદિ લક્ષણવાળો બને છે ત્યારે સારા, શુભ, સુંદર કે પ્રશસ્ત કહેવાને યોગ્ય થાય છે અને તેને જ શાસ્ત્રકાર ભગવંતોએ સમ્યકૂત્વની સંજ્ઞા આપેલી છે.

સમ્યકૂત્વ એ આત્માનું શુભ પરિણામ છે. અને તે પરિણામને લીધે તેને શ્રી જિનેશ્વરદેવોએ કહેલા તત્ત્વભૂત પદાર્થોમાં શ્રદ્ધા થાય છે. તેથી શાસ્ત્રકારોએ 'तत्तत्थसद्दहणं सम्मत्तं तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्'– એ પ્રમાણે સમ્યકૂત્વની વ્યાખ્યા કરી છે,

શ્રી નવતત્ત્વ પ્રકરણમાં કહ્યું છે :

जीवाई नवपयत्थे जो जाणइ तस्स होई सम्मत्तं ।
भावेण सद्दहंतोः अयाणमाणेवि सम्मत्तं ॥

જીવ–અજીવાદિ નવતત્ત્વ પદાર્થોને જે યથાર્થ સ્વરૂપે જાણે તેને સમ્યકૂત્વ હોય છે. અને મંદમતિપણાથી અથવા છદ્મસ્થપણાથી જે જે ન સમજાય તે તે પણ શ્રી જિનેશ્વર ભગવંતોનું કહેલું બધુ જ સત્ય જ છે એમ શ્રદ્ધાથી માને તેને પણ સમ્યકૂત્વ હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अरिहं देवा सुगुरुणो, सादुणो जिणमयं
पमाणं च ।
इच्चाइ सुहो भ.वो, सम्मत्तं विंति जगगुरुणो ॥

અરિહંત એ દેવ, સુસાધુ એ ગુરુ અને જિનમત એ જ પ્રામાણિક સત્યધર્મ, આવું જે આત્માનું શુભ પરિણામ તેને શ્રી જીનેશ્વરદેવો સમ્યક્ત્વ કહે છે.

આપણા ધર્મશાસ્ત્રમાં સમ્યક્ત્વના જુદા જુદા પ્રકારો દર્શાવવામાં આવ્યા છે. સમ્યક્ત્વની રુચિ એટલે શ્રી જિન કથિત તત્ત્વમાં યથાર્થપણાની બુદ્ધિ એ સમ્યક્ત્વનો એક પ્રકાર છે. નૈસર્ગિક અને આધિગમિક એ સમ્યક્ત્વના બે પ્રકારો છે. નૈસર્ગિક એટલે ગુરુઉપદેશ આદિ અન્ય નિમિત્તો વિના સ્વાભાવિક રીતે પ્રગટ થનારું અને 'આધિગમિક એટલે ગુરુના ઉપદેશ કે યથાર્થબોધથી ઉત્પન્ન થનારું'.

દ્રવ્ય સમ્યક્ત્વ અને ભાવ સમ્યક્ત્વ એવા પણ તેના બે પ્રકારો છે. નિશ્ચય સમ્યક્ત્વ અને વ્યવહાર સમ્યક્ત્વ એવા પણ બે પ્રકારો છે. ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક એ સમ્યક્ત્વના ત્રણ પ્રકારો છે. કારક, રોચક અને દીપકના ભેદથી પણ સમ્યક્ત્વના ત્રણ પ્રકારો માનવામાં આવે છે. ઔપશમિક વગેરે સમ્યક્ત્વના ત્રણ પ્રકારોમાં સાસ્વાદન ઉમેરીએ તો સમ્યક્ત્વના ચાર પ્રકારો થાય. તેમાં વેદક ઉમેરીએ તો સમ્યક્ત્વના પાંચ પ્રકારો થાય. સમ્યક્ત્વના આ પાંચે પ્રકારોના નૈસર્ગિક અને આધિગમિક એવા બે બે ભાગો કરીએ તો સમ્યક્ત્વ દશ પ્રકારનું થાય. અથવા નિસર્ગરુચિ, ઉપદેશરુચિ, આજ્ઞારુચિ, સૂત્રરુચિ, બીજરુચિ, અભિગમરુચિ, વિસ્તારરુચિ, ક્રિયારુચિ, સંક્ષેપરુચિ અને ધર્મરુચિ એવા પણ તેના દશ પ્રકારો છે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર આત્માનું શુદ્ધ પરિણામ એ નિશ્ચય સમ્યક્ત્વ છે અને તેના હેતુભૂત સમ્યક્ત્વના સડસઠ ભેદોનું જ્ઞાન, શ્રદ્ધા અને ક્રિયારૂપે યથાશક્તિ પાલન કરવું એ વ્યવહાર સમ્યક્ત્વ છે, આ વ્યવહાર સમ્યક્ત્વના સડસઠ ભેદો શ્રી પ્રવચન સારોદ્ધારના ૧૪૮ માં દ્વારમાં આ પ્રમાણે જણાવેલા છે: ચાર સદહણા, ત્રણ લિંગો, દશ પ્રકારનો વિનય, ત્રણ પ્રકારની શુદ્ધિ, પાંચ દુષણો, આઠ પ્રભાવકો, પાંચ ભૂષણો, પાંચ લક્ષણો, છ જયણા, છ આગારો, છ ભાવનાઓ, અને છ સ્થાનો એમ સડસઠ ભેદોથી યુક્ત હોય તે સમ્યક્ત્વ શુદ્ધ સમજવો.

સમ્યક્ત્વ એ ધર્મરૂપી મહેલની પીઠ અર્થાત પાયો છે. જો આ પાયો દૃઢ હોય તો ધર્મરૂપી મહેલ ડગે નહિ. જો પાયો ખોટો, નિર્બળ હોય અને તેના પર મોટું મંડાણ, બાંધકામ કરવામાં આવે તો એ શોભતો નથી, એ માટે સમકિતમાં ચિત્તને થોભાવવું, નિશ્ચય રાખવું. આ રીતે સમ્યક્ત્વને ધર્મરૂપી મહેલના પાયા તરીકે ચિંતવવું.

જીવ છે, તે નિત્ય છે, પુણ્ય અને પાપનો કર્તા છે. પુણ્ય અને પાપના ફળનો ભોકતા છે, મોક્ષ અવશ્ય છે અને તેના ઉપાયો પણ છે. આ રીતે સમ્યક્ત્વના છ સ્થાનો જૈન શાસ્ત્રકારોએ બતાવ્યા છે. સમ્યક્ત્વરૂપી અમૃતનું પાન કરી સર્વ જીવો અજરામર સ્થાનને પામો એ જ અભ્યર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# 卐 સંવત્સરીનો મર્મ 卐

લેખક : ડૉ. શ્રી કુમારપાળ દેસાઈ

પર્યુષણ પર્વની આરાધનાના દિવસોમાં આત્માને ખોજવાની જરૂર છે. કોડી જેવો દેહ અને તેમાં રહેલા મદ, માન, મોહને ભલે ખોઈ નાખીએ પણ લાખેણા આત્માને શોધીએ. આમેય પર્યુષણ એ આત્માને શોધવાનું પર્વ છે ક્ષમાપના એનો સર્વશ્રેષ્ઠ મૂળ મંત્ર છે. વેરના અંધકારમાં, દ્વેષના દાવાનળમાં વિહરતા જીવને માટે આજે આત્મીય પ્રેમને કાજે પ્રાયશ્ચિત્તનું પર્વ ઊગ્યું છે. દીપાવલીના પર્વે નફા તોટાનો હિસાબ કરવામાં આવે. સંવત્સરી પર્વનો અર્થ છે વાર્ષિક પર્વ આ દિવસે વર્ષભરના સારા નરસાં કાર્યોનું સરવૈયું કાઢીને ખોટા કાર્યોમાંથી મુક્તિ મેળવવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ.



આપણા આગમ શાસ્ત્રોમાં ત્રણ વેપારીઓનું એક દૃષ્ટાન્ત આવે છે. ત્રણ વેપારીઓ સરખી મૂડી લઈને વેપાર કરવા નીકળ્યા હતા. દેશાવરમાં ઘૂમીને ઘણા દિવસે સહુ પાછા ફર્યા પહેલો વેપારી મૂળ મૂડીને બમણી કરીને પાછો આવ્યો, બીજો ભાવની મંદીમાં ફસાયો છતાં મૂળ મૂડી સાચવીને પાછો આવ્યો. ત્રીજો વેપારી તો નુકશાનીમાં ડૂબી ગયો. કમાણીની વાત તો દૂર રહી પણ મૂળગી રકમ જ ખોઈને આવ્યો.

આ ત્રણ વેપારી જેવા સંસારના સર્વ જીવો છે. પહેલા પ્રકારના જીવો મનુષ્યત્વરૂપી મૂળ મૂડીને જાળવે છે, ને ઉપરાંત પૂજ્યતાને પામે છે. મનુષ્યજીવનમાં સદાચાર, શીલને વ્રત પાળી મુક્ત બને છે.

બીજા પ્રકારના જીવો મુક્ત નથી બનતા, પણ મનુષ્યત્વ જાળવી રાખે છે, સાદા આચારો એ પાળે છે.

ત્રીજા પ્રકારના જીવો મનુષ્યત્વ પણ ખોઈ નાખે છે, ને અનાચારીને દુરાચારી બની નરકના ભાગી બને છે.

દોષદર્શન અને આંતર ખોજનું આ પર્વ છે. આજના દિવસે આપણે જાતને ખોળવાની છે, ભૂલ કોનાથી નથી થતી? માણસમાત્ર ભૂલને પાત્ર ગણાય છે. આવી ભૂલ કોઈવાર આપમેળે થાય છે, કોઈવાર કર્મબળે થાય છે, કોઈવાર ગેરસમજથી થાય છે. આપણે ઇચ્છીએ કે ન ઇચ્છીએ તોય જીવનનાં વ્યવહારમાં કલેશ અને કંકાસ થય છે. આ બધી ભૂલો કર્મની પાટી ઉપર જરૂર અંકિત થશે, પણ એ વજ્રલેપ બને તે પહેલા એ પાટીને કોરી કરવાનો પ્રયત્ન તે ક્ષમાપના છે.

ભગવાન મહાવીરે એમના પૂર્વભવમાં ત્રિપૃષ્ઠ વાસુદેવ તરીકે શૈય્યાપાલકના કાનમાં ધગધગતું સીસું રેડયું હતું યુગો વીતી ગયા પછી ભગવાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાવીરની સાધનાનું બારમું વર્ષ ચાલતું હતું ત્યારે પૂર્વભવનો શૈય્યાપાલક ગોવાળ તરીકે આવે છે. ભગવાન મહાવીરના બન્ને કાનમાં શૂળ ખોસી દે છે. આ ઘટના બતાવે છે કે વેરનું ઝેર સમયસર ઉતારવામાં ન આવે તો કેવું દારૂણ પરિણામ આવે?

**સંવત્સરી પર્વની સાચી સિદ્ધિ સ્વ-દોષ દર્શનમાં છે.** ડગલે ને પગલે વેરાયેલા રાગદ્વેષના **પંક પાર કરી જવામાં છે.** ભૂલો પ્રત્યેની જાગૃતિમાં છે. જો માનવી સમયસર પોતાની ભૂલો અને ભોગો પ્રત્યે જાગ્રત ન થાય તો તેની ઘણી ખરાબ દશા થાય છે એ અસત્યવાદી, વ્યસની આસક્ત અને હિંસક બની જાય છે.

આમ પર્યુષણના આ દિવસો આંતરખોજના દિવસો છે. માનવી સતત બહાર ભ્રમણ કરતો રહે છે. બહારની દુનિયા જોવી પણ સરળ હોય છે એને માટે નજર હોય તો ચાલે, દૃષ્ટિની જરૂર નથી આપણી ઇન્દ્રિયોનું પણ બાહ્યજગત ભણી વિશેષ રહેતું હોય છે, પરંતુ પર્યુષણના દિવસો આત્મનિરીક્ષણના દિવસો છે. વ્યવહારમાં અનેક જીવોને દૂભવવાનું બને છે. એમની તરફ અન્યાય, અનાદર કે અપરાધ થઈ જાય છે. વેર વિરોધ કે વૈમનસ્ય જન્મે છે. આ બધાનો વિચાર કરીને એ ભૂલભરેલા માર્ગેથી પાછા વળવાની વાત છે, તેની ક્ષમા માંગવી, એમની સાથેનો **વેર અને વિરોધ તજી દેવો**, એટલું જ નહિ પણ એમની સાથે મૈત્રીભાવ કેળવવો એ ક્ષમાપનાનો હેતુ છે.

ક્ષમાપનાના મંત્રમાં ક્ષમા માગવી અને આપવી એમ બન્ને ભાવો સમાયેલા છે. કોઈની ક્ષમા માગતા પહેલા માણસને અહંકારના શિખર ઉપરથી નીચે ઉતરવું પડે છે. જે માંગતા મોટાઈ કે નાનાઈ નડે નહિં એનું નામજ મિચ્છામિ દુક્કડમ્



# ક્ષમા

કોઈએ ભૂલ કરી....
કોઈનાથી ગલ્તી થઇ ગઇ....
અને સંબંધોમાં દરાર પડી ગઈ!
સંબંધોમાં કડવાશ ભળી ગઇ...
આમ દિવસો વીત્યા....મહિનાઓ પસાર થઇ ગયા...કદાચ વરસો પણ...!....!!
છતાંયે આજે જો એ માણસ તમારી સામે ઉભો છે... ક્ષમા માંગવા માટે! પોતાની ભૂલ કબૂલવા માટે આવ્યો છે...તો તમારી ફરજ છે કે બહુ સહજતાથી સરળતાથી એને ક્ષમા કરી દો. ઘણી વખતે માંગનાર માંગે એ પહેલા જો આપી દઇએ તો આનંદ વધે છે.

ગણગણાટ હોઠોની બે પાંદડીઓમાં રસળીને રહે છે...એકનું પણ જુદાપણું ગીતને ગુંગળાવી દેશે.

**ક્ષમા માંગનાર જ નહીં....**
**આપનાર પણ મહાન છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જાગતાં રે'જો ?

—: લેખક :—

પૂ. આચાર્ય ભગવંતશ્રી વિજયમહિમાપ્રભસૂરીશ્વરજી મ. સા.

(ગતાંકથી ચાલુ)

આપણે ઘણીવાર બોલીએ છીએ કે શું કરીએ? ભાવના ઘણી છે, પરંતુ પ્રમાદ નડે છે. જો પ્રમાદ નડતો હોય, પ્રમાદ હાનીકર્તા છે. એવો સચોટ ખ્યાલ આવ્યો હોય, પ્રમાદ વિવેક ભુલાવે છે એવું ભાન થયું હોય, તો જીવનને અપ્રમાદી બનાવવા મહેનત કરી છે ખરી? જો મહેનત નથી કરી તો આવા મધુરા શબ્દથી આત્મ સંતોષ તો મનાતો નથી ને? અથવા આવા મધલાળ સમા વચનોના અંચળા નીચે આત્મ–વંચના તો નથી થતી ને? આપણા સત્કાર્ય આડે પ્રમાદ અંતરાય કે અવરોધો નડતાં હોય તે આપણી નરવશતા જ છે. જે નરવશતા આપણા નિર્મળ તત્વને રોકે છે. આપણે પ્રમાદથી સત્કાર્ય કરી ન શકીએ તો પણ મનને સમજાવી દેવાય છે કે ભલા! આ કામ આપણા ભાગ્યમાં નથી. આ રીતે પ્રમાદને હટાવી દેવાને બદલે મનને સમજાવી દેવા કે બહાના કાઢવામાં ઉપયોગ કરીએ છીએ. ઘર–દુકાન કે વ્યવહારમાં કદી કહ્યું કે મને પ્રમાદ નડે છે, આજે દુકાને નહિ જાઉં આ કામ નહિ કરું એ વખતે તો ઝટપટ જવાય છે. જો તમારે ધર્મ આચરવો હોય તો એક પણ તત્વ એવું નથી કે તમારી આડે આવે. એટલું ખરું કે આ માટે જાગૃતિ–તાકાત અને તમન્ના જોઈએ.

**લેકચર પુરું હૈયું :**

પ્રમાદ નુકશાન કર્તા છે. પ્રમાદ વિવેક ભુલાવી આત્માને અવળે રસ્તે દોરે છે આવું સમજવા છતાં પ્રમાદને દૂર કરવાનુ લક્ષ્ય રહેતું ન હોય અને રોજ રોજ આસક્તિભાવ વધતો હોય તો સાંભળવાનો અર્થ શો?

આપણે વિચારી ગયા કે દાસીના વચનથી જાગીરદારની ઉંઘ ઉડી ગઈ. આત્મ જાગૃતિ જાગી. પ્રમાદ ત્યાંગી વિવેકથી વર્તવા લાગ્યો. આમ એક દાસીના વચનથી જાગીરદાર જાગૃત થયો. તો જાગીરદાર સારો કે પછી ઉપદેશની અવગણના કરનાર તમો સારા?

આવી વાતો સાંભળવા છતાં કેવળ આત્મસંતોષ જ અનુભવાય છે; પરંતુ એથી વળે શું? મીઠાઇના નામો તો ગણી જઇએ, પણ ગળે ઉતાર્યા વિના ભુખ મટવાની? એ કરતાં બટકું રોટલો પેટમાં જવાથી શાંતિ વળે છે તેમ આવી એકાદ વાત ગળે ઉતરી જાય અને વર્તનમાં વણાઇ જાય તો આત્મવિકાસ સંધાય. બાકી કેવળ સાંભળીને જ રાજી થનારને ઉંઘતો સમજવો કે જાગતો? સાંભળીને જાગતો માનવ નઠારૂં ફેંકી દે છે; અને સરૂં સ્વીકારી લે છે.

ધર્મની વાતો સાંભળીએ. ત્યાગની વાતો વિચારીએ પરંતુ જ્યાં સમય આવે કે ધર્મ અને ત્યાગને બાજુ પર મૂકી દઇએ અને મનને સમજાવી દઈએ કે ભલા! આ તારું કામ નહિ. તો પછી આ બધું સાંભળીને કરવાનું શું? બસ સાંભળીને ખુશી થવાનું અને ખંખેરીને ઘર ભેગા થવાનુ એ જ કે બીજું કંઇ ખરૂં?

એક સ્થળે ગીતાજીનું પ્રવચન ચાલતું હતું. લોકો શ્રવણાર્થે ત્યાં ખૂબ ભેગા થતા. એમાં એક પિતા–પુત્ર પણ આવતા. એક વખત ગીતાજીમાં આવ્યું કે "आत्मवत् सर्व भूतेषु" સર્વ પ્રાણીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પોતાના આત્માની સમાન જોવા. અન્ય કોઈને મારવું-પીટવું કે દુઃખ દેવું નહિ.

આ વિશ્વમાં જે કોઇ પ્રાણી વિહરી રહ્યા છે, તે સર્વ આપણા આત્મા સમાન જ છે. જેવું આપણું આત્મસ્વરૂપ તેવું જ સ્વરૂપ સર્વ પ્રાણીનું છે. પછી ભલે કુંજર હોય કે કીડી. એમને વિપરીત નજરે જોવાથી અંતે આપણને નુકશાન થાય છે. આ આત્માઓમાંથી જ પરમાત્મા બને છે. આવી સમભાવની દૃષ્ટિ આવી જાય, તો આપણે પણ પ્રભુપદ પામવા સમર્થ બનીએ.

આવી સમભાવ-મૈત્રી આદિની વાતો સાંભળી બાપ-દીકરો દુકાને ગયા. એવામાં ગાય આવી, ગાયે બાજુમાં પડેલા શીંગના કોથળામાં મોઢું નાખ્યું, ત્યાં બાપે ઉઠીને ગાયને બે-ચાર લાકડી લગાવી દીધી. દીકરે કહ્યું, બાપા! ગાયને મરાય? તે પણ આપણા જ આત્મા સમાન છે. એવું તો હમણાં જ સાંભળીને આવ્યા છીએ. તેનો અમલ કરવાને બદલે ગાયને મારો છો કેમ?

બાપે કહ્યું બેસ બેસ હવે ડાયલા. એવી વાતો સાંભળીને અમલ કરીએ તો વહેલા ભુખે મરવાનો સમય આવે, એમાં તને સમજ ન પડે. એમાં તારું કામ નહિ. ધર્મ સુરુ ધર્મમાં જોડે ખરાં; પણ જ્યાં અમલમાં મુકવાનો સમય આવે ત્યારે બાપ જણાવી દે, કે "બેટા? એ તારું કામ નહિ. આવી વાતો તારે સમજવા જેવી નથી. એ તો અમારા જેવા ઘરડાનું કામ આપણે ઘડી બે ઘડી સાંભળીને કાન પવિત્ર કરી લેવા.

આવા રીઢા આત્માઓને હું સંભળાવું, કે બીજા સંભળાવે તો ય શી અસર થવાની? જાણે ભુજીયા ડુંગરના કાળમીંઢ પાણા, અરે! પાણા પણ કાલાન્તરે પાણીથી ઘસાય છે. પણ પાકટ હૈયા ન પલળે કે ન પીગળે, જાણે હતા ત્યાં ને ત્યાં. મનમાં એમ પણ વિચારતા હશે કે સાધુ મહારાજ કહે તેમ કરીએ તો વહેલા બાવા બનીએ. કેમ ખરું ને? સંસારની લપ છૂટતી નથી ને ધર્મમાં ચિત્ત ચોટતું નથી, ત્યાં સુધી ઘોર નિંદ્રામાં છો.

વોટરપ્રુફ પર પાણી ન અડે. ફાયરપ્રુફને આગ ન લાગે. તેમ આવા લેકચરપ્રુફ હૈયાને ઉપદેશ ન લાગે. સાંભળવા છતાં ઉંઘ ઉડે નહિ, પ્રમાદ જાય નહિ. અંતરની મેલાશ દેખાય નહિ અને તેને ધોવાનો ઉપાય થાય નહિ. તો આ બધું સાંભળવાનો અર્થ શો? અરે! કદાચ અમલમાં મુકવાની વાત તો દૂર રહી! પણ બોલનાર કયાં ભૂલે છે, એવી ભુલો શોધવા તો નથી આવતા ને? આવી વૃત્તિઓ જ્યાં "મન મેલા તન ઉજળા" હોય ત્યાં જીવનમાં પ્રકાશ સમજવો કે અંધકાર? [ક્રમશઃ]

## શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરના પેટ્રન મેમ્બર તથા આજીવન સભ્યશ્રીઓ જોગ

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરના પેટ્રન મેમ્બરો તથા આજીવન સભ્યશ્રીઓને નમ્ર વિનંતી કે આપશ્રીને ગત ઓકટોબર-૯૬ દરમ્યાન અલગ પોસ્ટથી આપશ્રીને માહિતીફોર્મ તથા પરિપત્ર રવાના કરવામાં આવેલ. જેમાંથી હજુ અમુક સભ્યશ્રીઓના માહિતી ફોર્મ ભરાઇને સભાને પહોંચતા થયા નથી. તો હવે પંદર દિવસમાં આ ફોર્મ ભરાઇને નહિ આવે તો અમારે ના છૂટકે આપનું સભ્યપદ રદ કરવાની ફરજ પડશે. જેની ખાસ નોંધ લેવા નમ્ર વિનંતી છે.

પ્રમુખશ્રી

**શ્રી જૈન આત્માનંદ સભા**

ભાવનગર.

**તા. ક.** : ફક્ત પેટ્રન મેમ્બરોએ જ પોતાનો પાસપોર્ટ સાઇઝના બ્લેક એન્ડ વ્હાઈટ ફોટો મોકલવાનો છે. આજીવન સભ્યશ્રીઓએ ફક્ત માહિતી ફોર્મ વિગતવાર ભરીને મોકલવાનું છે. ગ્રાહક નંબર લખવો આવશ્યક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી તાલધ્વજ (તળાજા) ગિરિરાજ યાત્રા પ્રવાસ

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર દ્વારા સંવત ૨૦૫૩ના જેઠ સુદ ૩ રવિવાર તા. ૮-૬-૯૭ના રોજ શ્રી તાલધ્વજ (તળાજા) ગિરિરાજનો યાત્રા પ્રવાસ રાખવામાં આવ્યો હતો. જેમાં સભાના સભ્યશ્રી ભાઈઓ તથા બહેનો સારી એવી સંખ્યામાં જોડાયા હતા. તાલધ્વજ ગિરિરાજ સ્થિત સૂમતિનાથ દાદાના દરબારમાં રાગ-રાગિણીપૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી.

તળાજા યાત્રા પ્રવાસના ડોનરશ્રીઓની વ્યાજુ રકમમાંથી શ્રી તળાજા ધર્મશાળામાં ગુરુભક્તિ તથા સ્વામીભક્તિ કરવામાં આવી હતી.

## શ્રી તળાજા યાત્રા પ્રવાસના ડોનરશ્રીઓના શુભ નામ

(૧) શેઠશ્રી ધનવંતરાય રતિલાલ શાહ (અંબિકા સ્ટીલવાળા) ભાવનગર
(૨) શેઠશ્રી હઠીચંદ ઝવેરભાઈ શાહ હ. શ્રી ભૂપતરાય નાથાલાલ શાહ ભાવનગર
(૩) શેઠશ્રી નાનચંદ તારાચંદ શાહ હ. શ્રી ભૂપતરાય નાથાલાલ શાહ મુંબઈ
(૪) શ્રીમતી અંજવાળીબેન વચ્છરાજભાઈ શાહ હ. શ્રી ભૂપતરાય નાથાલાલ શાહ ભાવનગર
(૫) શેઠશ્રી ચુનીલાલ રતીલાલ સલોત ભાવનગર
(૬) શેઠશ્રી જયંતીલાલ રતિલાલ સલોત ભાવનગર
(૭) શેઠશ્રી ભોગીલાલ વેલચંદ મહેતા હ. જસવંતરાય ભોગીલાલ મહેતા ભાવનગર

# શોકાંજલિ

શ્રી ઇન્દુલાલ મગનલાલ શાહ-ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. તેઓશ્રી ખૂબ જ ધાર્મિકવૃત્તિવાળા અને સભા પ્રત્યે લાગણી ધરાવતા હતા. તેમના અવસાનથી તેમના કુટુંબીજનો પર આવી પડેલ દુઃખમાં સભા સમવેદના પ્રગટ કરવા પૂર્વક તેમના આત્માને પરમ શાંતિ મળે એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

લિ.
શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.

શ્રી ધીરજલાલ ગુલાબચંદ કાપડિયા-મુંબઈ મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા તેમના પિતાશ્રી ગુલાબચંદ આણંદજી કાપડિયા માફક તેઓશ્રી પણ આ સભા પ્રત્યે અનહદ લાગણી અને મમતા ધરાવતા હતા. પ્રસંગોપાત સભાના કાર્યોમાં રસ લઇ માર્ગદર્શન પણ આપતા હતા. ધાર્મિક વૃત્તિવાળા અને મીલનસાર સ્વભાવના કારણે તેઓ સૌના પ્રિયપાત્ર હતા. તેમના દુઃખદ અવસાનથી તેમના કુટુંબીજનો પર આવી પડેલ દુઃખમાં સભા સમવેદના પ્રગટ કરે છે. તેમના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના કરીએ છીએ.

લિ.
શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.

For Private And Personal Use Only

Shree Atmanand Prakash Regd No. GBV 31



## સદાચરણ....

दरिद्रस्य परा लक्ष्मीः श्रीमतो बलमद्भुतम् ।
रक्षितव्यः सदैवासौ स्वसर्वस्वव्ययादपि ॥

卐

સદાચરણ દરિદ્રની મહાન લક્ષ્મી છે અને શ્રીમંતનું અદ્દભુત બળ છે. પોતાના સર્વસ્વના ભોગે પણ એને સદા સુરક્ષિત રાખવું જોઇએ.

卐

It (good conduct ) is the best wealth to the poor and wonderful power to the rich, It ought to be always preserved by a person even at the sacrifice of all his belongings.

प्रति,

BOOK-POST

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઇટ, ભાવનગર-૩૬૪ ૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સુતારવાડ, ભાવનગર.